EDII

Gujarat Samachar

September 29, 2017
Page No.2
of Gujarat Plus

# નબળા વર્ગના 5,000થી વધુ લોકોને ઉદ્યોગ સાહસિકતાની તાલીમ અપાશે

## એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા વિજ્ઞાન અને ટેકનોલોજીનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૨,૦૦૦ વિદ્યાર્થીઓ માટે માહિતી કેમ્પનું આયોજન કરશે

ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થાકીય નિર્માણ બાબતે દેશની અગ્રણી સંસ્થા એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ આગામી બે વર્ષમાં સમાજના વંચિત અને નબળા વર્ગની મહિલાઓ સહિત ૫,૦૦૦થી વધુ યુવાનોને ઉદ્યોગ સાહસિકતાનું શિક્ષણ આપવાનો પ્રોજેક્ટ લોન્ચ કર્યો છે. આ પ્રોજેક્ટ ઈડીઆઈઆઈ દ્વારા ડિઝાઈન કરાયો છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ઈડીઆઈઆઈ વિજ્ઞાન અને ટેકનોલોજીનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૨,૦૦૦ વિદ્યાર્થીઓ માટે માહિતી કેમ્પનું આયોજન કરશે. આ સાથે સંસ્થા ૫,૦૦૦ યુવાનો માટે ખાસ ડિઝાઈન કરાયેલા એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ (ઈપીએસ) યોજશે, જેથી તેઓ જરૂરી તાલીમ પ્રાપ્ત કરી શકે તથા પોતાની એન્ટરપ્રાઈઝ સ્થાપી શકે. આ પ્રોજેક્ટ હેઠળ તાલીમ મેળવનાર ૫,૦૦૦ યુવાનોમાંથી લગભગ ૨,૫૦૦ જેટલાં યુવાનો પોતાની એન્ટરપ્રાઈઝની સ્થાપના કરે તો એક યુનિટમાં ત્રણ વ્યક્તિ પ્રમાણે આશરે ૭,૫૦૦ લોકો માટે રોજગારની તકો સર્જાવાની અપેક્ષા છે.

આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતાના કૌશલ્યો વિકસાવવા, જેથી તેઓ કારકિર્દીના વિકલ્પ તરીકે ઉદ્યોગ સાહસિકતાને અપનાવી શકે તથા ઉદ્યોગ સાહસિકતા સંબંધિત જરૂરી તાલીમ આપવી, જેથી યુવાનો નવી તકોની ઓળખ કરી શકે અને પોતાની માઈક્રોએન્ટરપ્રાઈઝની સ્થાપના કરી શકે.

SBS
DS